# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1. અટલ પૅન્શન યોજનાને વર્ષ 2030-31 સુધી લંબાવાઈ – કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય
2. કેન્દ્રીય મંત્રીમંડળે ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બૅન્ક – સિડબીને પાંચ હજાર કરોડ રૂપિયાની ઇક્વિટી સહાયને મંજૂરી આપી
3. સર્વોચ્ચ અદાલત અરવલ્લી પર્વતમાળામાં ખાણકામ અને પાસાઓની વ્યાપક તથા તપાસ માટે નિષ્ણાતોની સમિતિ બનાવશે
4. દાવોસમાં WEFને સંબોધતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, AIને નિયમિત કરવા ટૅક્નિકલ કાયદાકીય દ્રષ્ટિકોણ અપનાવવો પડશે
5. નાગપુરમાં રમાતી ટી-20 ક્રિકેટમાં ભારત સામેની મૅચમાં ન્યૂઝિલૅન્ડે ટૉસ જીતી બૉલિંગ પસંદ કરી

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## CABINET ATAL PENSION YOJANA

કેન્દ્રીય મંત્રીમંડળે આજે અટલ પેન્શન યોજનાને વર્ષ 2030-31 સુધી લંબાવી દીધી છે. તેમજ પ્રચાર અને વિકાસલક્ષી કાર્યો માટે નાણાકીય સહાયમાં પણ વધારાને મંજૂરી આપી છે. આ યોજના મે 2015માં અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને વૃદ્ધાવસ્થામાં આવક સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી હતી. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

(VOICE CAST: JAGRUTI BEN)

----------

## CABINET SIDBI

કેન્દ્રીય મંત્રીમંડળે ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બૅન્ક – સિડબીને પાંચ હજાર કરોડ રૂપિયાની ઇક્વિટી સહાયને મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાતા અંદાજે 25 લાખથી વધુ નવા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ - MSME લાભાર્થીને લાભ થઈ શકે છે.

આ રોકાણ બાદ નાણાકીય સહાય મેળવનારા MSME-ની સંખ્યા નાણાકીય વર્ષ 2025ના અંત સુધીમાં 76 લાખથી વધીને નાણાકીય વર્ષ 2028ના અંત સુધીમાં એક કરોડને પાર પહોંચવાની શક્યતા છે. 30 સપ્ટેમ્બર 2025 સુધી ઉપલબ્ધ નવા આંકડાઓ મુજબ, છ કરોડ 90 લાખ MSME દ્વારા 30 કરોડ 16 લાખ રોજગારીનું સર્જન કરાયું. તેના આધારે નાણાકીય વર્ષ

2027-28ના અંત સુધીમાં એક કરોડ 12 લાખ રોજગારીનું સર્જન અને 25 લાખ 74 હજારથી વધુ MSME લાભાર્થીઓ જોડાવવાની સંભાવના છે.

----------

## SC ARVALLI

સર્વોચ્ચ અદાલતે આજે જણાવ્યું કે, તે અરવલ્લી પર્વતમાળામાં ખાણકામ અને તેને સંબંધિત પાસાઓની વ્યાપક તથા સર્વાંગી તપાસ માટે સંબંધિત ક્ષેત્રના નિષ્ણાતોની એક સમિતિ બનાવશે. અદાલતે જણાવ્યું, ગેરકાયદે ખાણકામથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થઈ શકે છે. ન્યાયમૂર્તિ સૂર્ય કાન્ત, ન્યાયાધીશ જૉયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની પીઠે ઍડિશનલ સૉલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટી અને ઍમિક્સ ક્યૂરી કે. પરમેશ્વરને ચાર સપ્તાહમાં ખાણકામમાં નિપૂણતા ધરાવતા પર્યાવરણવિદ્ અને વૈજ્ઞાનિકોના નામ  સૂચવવા  કરવા નિર્દેશ આપ્યો છે.

પીઠે જણાવ્યું કે, સમિતિ સર્વોચ્ચ અદાલતના નિર્દેશ અને અવલોકન હેઠળ કામ કરશે. અદાલતે આ અંગે પોતાના પહેલાના આદેશને પણ લંબાવ્યો છે, જેમાં અરવલ્લી પર્વતમાળા અને પર્વતમાળાઓની એક સમાન વ્યાખ્યાને સ્વીકાર કરતા 20 નવેમ્બરના નિર્દેશોને સ્થગિત રખાયા હતા. આ સુનાવણી દરમિયાન પીઠે રાજસ્થા સરકાર તરફથી હાજર રહેલ ઍડિશનલ સોલિસિટર જનરલ કે. એમ. નટરાજ દ્વારા અપાયેલી ખાતરીને રેકોર્ડમાં લીધી કે, આવી કોઈ અનધિકૃત ખાણકામ થશે નહીં.

----------

## AMIT SHAH UTTRAKHAND

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગીતા પ્રેસ દ્વારા પ્રકાશિત કલ્યાણ પત્રિકાને ભારતની સાંસ્કૃતિક ચેતનાનો મજબૂત આધાર ગણાવી. તેમણે કહ્યું, ગીતા પ્રેસ લાભ કમાવવા માટે કામ નથી કરતું. તે તો આવનારી પેઢીઓને માર્ગદર્શન આપે છે.

ઉત્તરાખંડના ઋષિકેશમાં આજે ગીતા પ્રેસની માસિક પત્રિકા કલ્યાણના શતાબ્દી અંકના વિમોચન સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું, કલ્યાણ માત્ર એક પત્રિકા નહીં, પણ ભારતની આધ્યાત્મિક ચેતનાની માર્ગદર્શક શક્તિ પણ છે. આ પત્રિકાએ પડકારના સમયમાં પણ ભારતીય સંસ્કૃતિના મૂલ્યનું જતન કરે છે.

----------

## ASHWINI VAISHNAW AI DAVOS

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ તથા ઇલેક્ટ્રૉનિક્સ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I.ને નિયમિત કરવા માત્ર કાયદાનો પ્રયોગ જ નહીં, પરંતુ ટૅક્નિકલ કાયદાકીય દ્રષ્ટિકોણ પણ અપનાવવો પડશે. સ્વિત્ઝર્લૅન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચ – W.E.F.ને સંબોધતાં તેમણે આ વાત કહી.

શ્રી વૈષ્ણવે ડીપ ફૅક જેવી સમસ્યાઓને પહોંચી વળવા મજબૂત ટૅક્નોલૉજી, ઉપકરણોની જરૂરિયાત પર પણ ભાર આપ્યો. તેમણે કહ્યું, ભારત એવી ટૅક્નોલૉજી વિકસાવી રહ્યું છે, જેનાથી ડીપફૅકને ઓળખી શકાય અને A.I. મૉડેલનો પ્રયોગ કરતા પહેલા યોગ્ય સતર્કતા સુનિશ્ચિત થઈ શકે.

----------

## REV VAISHNAW WEF

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ તથા ઇલેક્ટ્રોનિક્સ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે સ્વિત્ઝર્લૅન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચ – W.E.Fમાં I.B.Mના મુખ્ય કાર્યકારી અધિકારી અરવિંદ કૃષ્ણા અને મૅટાના વૈશ્વિક બાબતોના મુખ્ય અધિકારી જોએલ કપલાન સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, વિશ્વ ભારતને વૈશ્વિક નવીનતાના મુખ્ય ચાલક તરીકે જુએ છે.

શ્રી વૈષ્ણવે કહ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા - A.I.ના આંતર-માળખામાં 70 અબજ અમેરિકી ડૉલરના રોકાણની પુષ્ટિ થઈ ગઈ છે. તેમણે કહ્યું, આગામી 12 મહિનામાં વધુ 50 અબજ અમેરિકી ડૉલરના રોકાણની આશા છે.

(BYTE- ASHWINI VAISHNAV)

----------

## REPUBLIC DAY PREPS

77-મા પ્રજાસત્તાક દિવસ પર મુખ્ય સમારોહ માટે નવી દિલ્હીના કર્તવ્ય પથ પર તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રના અંદાજે 10 હજાર જેટલા લોકો વિશેષ મહેમાન તરીકે પરેડના સાક્ષી બનશે. પરેડમા દેશની સંસ્કૃતિ, સૈન્ય શક્તિ અને ગૌરવશાળી વારસાનો અનોખો સંગમ જોવા મળશે.

----------

## REV RUSSIA GREENLAND

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે કહ્યું, ગ્રીનલેન્ડ ડેનમાર્કનો કુદરતી ભાગ નથી, પરંતુ તે સંસ્થાનવાદનો અવશેષ છે, જે સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરની ભાવનાનું ઉલ્લંઘન કરે છે.

(VOICECAST: FARHAT BEN)

----------

## CRICKET INDIA NEWZEALAND T20

ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે પાંચ મેચની ટી-20 આંતરરાષ્ટ્રીય શ્રેણીનો આજથી પ્રારંભ થયો. મહારાષ્ટ્રમાં નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં રમાતી મેચમાં ન્યૂઝિલેન્ડે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, ભારતે 10 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 117 રન કર્યા છે.

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળ આ શ્રેણી મહત્વની છે. જ્યારે ન્યૂઝિલેન્ડની ટીમ મિશેલ સેન્ટનરની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરી છે. આ શ્રેણીને આગામી આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICC પુરુષ ટી-20 વિશ્વકપની તૈયારીઓ માટે મહત્વનો ભાગ પણ માનવામાં આવી રહી છે.

----------

## REV SANTOSH TROPHY

સંતોષ ટ્રોફી ફૂટબોલ ટૂર્નામેન્ટનો અંતિમ રાઉન્ડ આજે આસામમાં સિલાપથર અને ધાકુઆખાના એમ બે જગ્યાએ શરૂ થયો. સ્પર્ધાની શરૂઆતના દિવસે ત્રણ મૅચ રમાઈ હતી.

સવારના મુકાબલામાં રાજસ્થાને ધાકુઆખાના ખાતે ઉત્તરાખંડને ત્રણ શૂન્યથી હરાવ્યું. બાદમાં એ જ સ્થળે બપોરના સત્રમાં પશ્ચિમ બંગાળે નાગાલૅન્ડને ચાર શૂન્યથી હરાવ્યું હતું. તમિળનાડુએ સિલાપથર ખાતે યજમાન આસામને એક શૂન્યથી હરાવ્યું હતું.

----------

## POWER ELECTRICITY POLICY

વિદ્યુત મંત્રાલયે આજે રાષ્ટ્રીય વીજળી નીતિ 2026નો નવો મુસદ્દો જાહેર કર્યો. તેનો ઉદ્દેશ વિકસિત ભારત 2047ના લક્ષ્યને હાંસલ કરવા માટે વીજળી ક્ષેત્રમાં પરિવર્તન લાવવાનો છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, આ નીતિનું લક્ષ્ય વર્ષ 2030 સુધી પ્રતિ વ્યક્તિ વીજળી વપરાશને બે હજાર કિલોવૉટ કલાક અને વર્ષ 2047 સુધીમાં ચાર હજાર કિલોવૉટ કલાકથી વધારવાનો છે. વર્ષ 2024-25માં પ્રતિ વ્યક્તિ વીજળી વપરાશ એક હજાર 460 કિલોવૉટનો હતો.

આ નીતિ ભારતની આબોહવા પ્રતિબદ્ધતાઓ સાથે પણ સુસંગત છે, જેમાં વર્ષ 2030 સુધીમાં ઉત્સર્જન તીવ્રતામાં 45 ટકા ઘટાડો શામેલ છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, નીતિનો મુસદ્દો ભવિષ્યલક્ષી, આર્થિક રીતે સદ્ધર અને પર્યાવરણની દ્રષ્ટીએ રીતે ટકાઉ વીજળી ક્ષેત્ર માટે એક વ્યાપક વ્યૂહરચના પ્રદાન કરે છે, જે વાજબી દરે વિશ્વસનીય અને ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડે

છે. આ નીતિ વર્ષ 2005માં સૂચિત વર્તમાન રાષ્ટ્રીય વીજળી નીતિનું સ્થાન લેશે.

----------